ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ, મોબાઈલ કઢાવવા આવ્યો છું... !!, વાઈફને ખભા અને કાન વચ્ચે... મોબાઈલથી વાત કરવાની આદત હતી...!!

# દિવાળીના પગલે નગરમાં ફૂલોનું બજાર ગરમ

## નગરમાં દિવાળીના સમયે અંદાજીત રૂ. ૧૦ લાખથી વધુના ફૂલો નગરજનો ખરીદે છે


(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર, તા. ૪

શહેરમાં દિપાવલી પર્વ નિમિત્તે નગરમાં વસવાટ કરતાં નગરજનો દ્વારા ઘરોમાં વિશેષ પૂજા-અર્ચના કરવામાં આવે છે. દિવાળીના તહેવારને લઈ ફૂલ બજારમાં તેજી છે. નગરના માર્ગો પર તેમજ બજારોમાં ફૂલોનો વ્યવસાય કરતા વેપારીઓ નજરે પડે છે. જો કે આ પવિત્ર પર્વમાં વેપારીઓની સંખ્યામાં પણ બમણો વધારો જોવા મળ્યો છે. નગરમાં સો થી વધુ નાના મોટા ફૂલોના વેપારીઓ કાર્યરત છે. નગરમાં દિવાળીના દિવસોમાં અંદાજીત ૧૦ લાખથી વધુ રૂપિયાના ફૂલોની ખરીદી નગરજનો ભગવાનની વિશેષ પૂજા માટે કરે છે. ત્યારે તહેવારો નજીક આવતા આગામી સમયમાં ગલગોટા, ગુલાબ તેમજ લીલીના ફૂલોના ભાવમાં તેજી જોવા મળે તો નવાઈ નહી.

દિપાવલીના પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે. નગરજનો પોતાના મકાન તેમજ વ્યવસાયના સ્થળે વિશેષ પૂજાનું આયોજન કરતા હોય છે. નગરજનોમાં દર વર્ષે દિવાળીના પાવન પ્રસંગે કરવામાં આવતી પૂજાનું અનેરૂ મહત્વ છે. ત્યારે ધન તેરસના દિવસે લક્ષ્મીપૂજન સમયે નાગરીકો કમળના ફૂલનો તેમજ કાળી ચૌદસના દિવસે જાસુદના ફૂલનું મહત્વ હોવાથી આ દિવસોમાં આ ફૂલોની માંગ વધુ હોય છે. ત્યારે કમળ અને જાસુદના એક નંગ ફૂલનો ભાવ રૂ. ૩૦ હોય છે. ત્યારે પૂજામાં ગલગોટા, ગુલાબ તેમજ લીલીના ફૂલ વપરાતા હોય છે. ગલગોટાના કારનો ભાવ રૂ. ૩૦ થી ૪૦ હોય છે. વેપારીઓ ફૂલની સાથે પૂજામાં વપરાતો ધરો અને ડમરો પણ રાખે છે. જેથી નગરજનોને અન્ય કોઈ સ્થળે જવું ન ડે. નગરમાં ફૂલોના વેપારીઓ જણાવી રહ્યા છે કે અત્યારે હાલના સમયે વેપાર નહિવત છે.

પરંતુ આગામી રવિવારથી ફૂલના વેપારમાં તેજી જોવા મળશે. જેને પરિણામે ફૂલોના ભાવમાં પણ તોતિંગ વધારો થાય છે. જેને પગલે અમારે ના છુટકે ફૂલોનો ભાવ વધારવો પડે છે. નગરજનો પવિત્ર તહેવારમાં વિશેષ પૂજા માટે ફૂલોનો ઉપયોગ કરતા હોવાથી નગરમાં અંદાજીત દસ લાખથી વધુ રૂપીયાના ફૂલોની ખરીદી નગરજનો કરે છે. દિવાળીના તહેવાર બાદ લગ્નની મૌસમનો પ્રારંભ થાય છે. ત્યારે આગામી સમયમાં પણ ફૂલોની માંગમાં વધારો જોવા મળશે.

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આજે સાંજે એકાએક રાજ્ય આરોગ્ય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરી ખાનગી કારમાં ફોર્મલ ડ્રેસ પહેરી તેમના ભત્રીજાની ખબર-અંતર પુછવા આવી પહોંચ્યા હતા.

● ગાંધીનગર શહેરના સ્માર્ટસીટી પ્રોજેક્ટ માટે સૂચનો મેળવવા આજે શહેરના તબીબો સાથે એક બેઠક મનપામાં યોજાઈ હતી.

● ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ''ચેઈન્જ ધી બીહેવીયર'' વિષયક એક તાલિમ બે દિવસની આજે પૂર્ણ થઈ છે. તબીબી અધિકારીઓ અને નર્સિંગ સ્ટાફ માટે આ તાલિમનું આયોજન કરાયું હતું.

● ગાંધીનગર શહેરના બે સીમાડા પર ભાજપ અને કોંગ્રેસના પાર્લામેન્ટરી બોર્ડની બેઠકોના ધમધમાટને લઈ રાજકીય આગેવાનોની શહેરમાં દોડધામ જોવા મળતી હતી.

● ગાંધીનગરના ગૃહિણી અગ્રણી ચક્ષુશા વત્સલ વોરા આજે ઈ ટી.વી.ના રસોઈની રમઝટ શૉમાં બપોરે ૨ થી ૩ બે રેસીપી શિખવશે.

# અકસ્માતમાં મૃત્યુ પામેલા યુવાનના ચક્ષુઓનું દાન કરાયું

ગાંધીનગર, તા. ૪

કોબા માર્ગ પર ગઈકાલે અકસ્માતમાં અવસાન પામેલા મૃતક યુવાને ચક્ષુઓનું આજે દાન કરવામાં આવ્યું હતું. મૃતક યુવાનના કુટુંબીજનોએ ચક્ષુદાન માટે સંમતિ દર્શાવતા નગરની સંસ્થા જુનિયર સિટિઝન કાઉન્સિલના માધ્યમથી સ્વર્ગસ્થના ચક્ષુબેંકને પહોંચાડવામાં આવ્યા હતા.

જુનિયર સિટીઝન કાઉન્સિલ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે મૃતકોનું ચક્ષુદાન મેળવીને પણ ચક્ષુબેંક ખાતે ખાતે પહોંચાડવામાં આવે છે. ચક્ષુદાન એ મહાદાન છે. ગઈકાલે કોબા પાસે માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા અમદાવાદના મૃતક યુવાનના સગા સંબંધીઓએ તેના ચક્ષુઓનું દાન કર્યું હતું. અમદાવાદમાં રહેતા ૨૦ વર્ષીય શશીકાંત ઘનશ્યામભાઈ સીતાપરાનું અકસ્માતમાં મૃત્યુ થયા બાદ તેના કુટુંબીજનોએ ચક્ષુદાન માટે સંમતી દર્શાવી હતી. આ ઉમદા કાર્યમાં ડૉ. મીત, ડૉ. નીરવ તેમજ મોનિકાબેન પટેલે તબીબી સેવા પુરી પાડી હતી. જુ.સી.કા.ના કાર્યકર્તા સન્ની વાઘેલાએ પણ સ્વર્ગસ્થના ચક્ષુઓ અમદાવાદની સિવિલ હોસ્પિટલની ચક્ષુબેંકમાં પહોંચતા કરવાનું ઉમદા કાર્ય કર્યું હતું.

## વૃદ્ધો કે શારિરીક ખામી ધરાવતા વ્યક્તિઓ આધાર નોંધણી કરાવી શકશે

રાજ્યમાં યુનિક આઈડેન્ટીફિકેશન પ્રોજેક્ટ અંતર્ગત વ્યક્તિની આધાર નોંધણી માટે રાજ્ય સરકાર દ્વારા નિયત થયેલ ઓળખ અને સરનામાના પૂરાવા જેવી ડેમોગ્રાફિક માહિતીની સાથે ફોટો અને વ્યક્તિની આંખની કિકીની છાપ, દશ આંગળાની છાપ જેવા બાયોમેટ્રીક ડેટા એકત્ર કરવામાં આવે છે તે સંદર્ભે બાયોમેટ્રીક અપવાદરૂપ કિસ્સાઓમાં પણ કોઈપણ વ્યક્તિની આધાર નોંધણી કરી શકાશે.

# અંબાપુર હાઈસ્કૂલમાં રોકેટરી મોડેલ વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર તાલુકાના અંબાપુર ગામે પી.આર. પટેલ હાઈસ્કૂલમાં નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા મોડેલ રોકેટરી વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં શાળાના વિદ્યાર્થીઓને રોકેટ વિજ્ઞાન અને અવકાશ વિજ્ઞાન અંગે સાયન્સ સેન્ટરના કો-ઓર્ડિનેટર હાર્દિક મકવાણાએ તલસ્પર્શી માહિતી પ્રદાન કરી હતી.






વર્કશોપમાં વિદ્યાર્થીઓને રોકેટના પ્રકાર તથા રોકેટ વિજ્ઞાનના સિધ્ધાંત વગેરે અંગે ઊંડાણપૂર્વક સમજ આપવામાં આવી હતી. આ સાથે વિદ્યાર્થીઓને સીંગલ સ્ટેજ રોકેટ, ડબલ સ્ટેજ રોકેટ, પેરાશુટ રોકેટ વગેરે બનાવવાનું પણ શીખાવવામાં આવ્યું હતું. વર્કશોપમાં વિદ્યાર્થીઓએ બનાવેલા રોકેટનું બાળકોના હસ્તે જ લોન્ચીંગ પણ કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં હાઈસ્કૂલના ૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં હાઈસ્કૂલના આચાર્ય સી.જે. પટેલ, વિજ્ઞાન શિક્ષક ડૉ. અઝીઝ મનસુરી તથા સાયન્સ સેન્ટરના શિવાંગ પટેલ અને હરિસિંહ માજીરાણા ઉપસ્થિત રહ્યા હતા.

# દહેગામ-બાયડ રોડ પરથી દારૂ ભરેલી લોગાન કાર પકડાઈ

## ૪.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરતી ગાંધીનગર એલસીબી : અંધારાનો લાભ લઈને બુટલેગર ફરાર

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર એસ.પી. વિરેન્દ્રસિંહ યાદવની કડક સુચનાને પગલે ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની ટીમે વિદેશી દારૂની હેરાફેરી તથા અડ્ડાઓ સદંતર બંધ થાય તે માટે બાતમીદારો સક્રિય કર્યા છે. દરમ્યાન ગઈ રાત્રે ચોક્કસ બાતમીને આધારે પીએસઆઈ આર.એન. વાઘેલા, એએસઆઈ રામાજી તથા તેમની ટીમ રખીયાલ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ પ્રદીપસિંહને બાતમી મળી કે એક લોગાન ગાડી નં. જીજે-૧૮.બી.એ.૯૪૦૯માં દારૂ-બિયરનો જથ્થો ભરેલો છે. અને દહેગામ-બાયડ રોડ પરથી હેરાફેરી માટે ગાડી પસાર થઈ રહી છે. જેને આધારે કડજોદરાથી અંતાલી ગામ વચ્ચે વૉચ ગોઠવી એલસીબીની ટીમે લોગાન ગાડી પકડી પાડી હતી. તો બીજી તરફ અંધારાનો લાભ લઈને લોગાનનો ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ગાડીમાંથી વિદેશી દારૂ તથા બિયરના ટીન મળી કુલ ૪૪૦ નંગનો જથ્થો મળી આવ્યો હતો. રૂ. ૧,૪૪,૮૦૦નો દાર-બિયર તથા લોગાન ગાડી રૂ. ૩ લાખ મળી કુલ રૂ. ૪,૪૪,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરીને આરોપીઓને પકડી પાડવા પોલીસે ચક્રો ગતિમાન કર્યા છે.



## મહાનગરપાલિકાઓની ચૂંટણી માટે ૧૨ ઉમેદવારીપત્રો ભરાયા

ગાંધીનગર, તા. ૪

રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની જાહેર થયેલી ચૂંટણીઓ અંતર્ગત ૨૨મી નવેમ્બર, રવિવારના રોજ રાજ્યની છ મહાનગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાનાર છે ત્યારે આજે છ મહાનગરપાલિકાઓમાંથી પાંચ મહાનગરપાલિકાઓમાં કુલ ૧૨ ઉમેદવારીપત્રો ભરાયા છે. આ સાથે આજદિન સુધીમાં કુલ ૧૫ ઉમેદવારીપત્રો ભરાયા છે.

જેમાં આજે ભરાયેલામાં અમદાવાદ વોર્ડ નં. ૧૩માં ૧, સુરતમાં ૬, વડોદરામાં ૨, જામનગરમાં ૨ અને રાજકોટમાં ૧ ઉમેદવારીપત્ર ભરાયા છે.

## ડભોડાના વિદ્યાર્થીઓએ રાષ્ટ્રકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ગાંધીનગરનું પ્રતિનિધિત્વ કર્યું

ગાંધીનગર તાલુકાના ડભોડા ગામમાં સ્થિત ઍમ ઍચ વિદ્યામંદિરના બે વિદ્યાર્થીઓએ રાષ્ટ્ર કક્ષાની કબડ્ડી સ્પર્ધામાં ભાગ લઈ જિલ્લાનું પ્રતિનિધિત્વ કર્યું હતું. બંને વિદ્યાર્થીઓનું શાળા પરિવારે સન્માન કર્યું હતું અને શુભેચ્છાઓ પાઠવી હતી. તાજેતરમાં તેલંગણાના નાલગૌંડા ખાતે ૬૧મી રાષ્ટ્રીય સ્કૂલ સ્પર્ધાઃ ૨૦૧૫-૧૬ યોજાઈ હતી, જેમાં રાજ્યમાંથી અન્ડર-૧૯ વિભાગમાં ગાંધીનગર તાલુકાના ડભોડા ગામની ઍમ ઍચ વિદ્યામંદિરના બે વિદ્યાર્થીઓ રવિન્દ્રસિંહ બિહોલા અને રામસિંહ શીખ પસંદગી પામ્યા હતા.



# ગાંધીનગરની બીબીએ કૉલેજનાં ૭૬ વિદ્યાર્થીઓએ મધુર ડેરીની મુલાકાત લીધી

ગાંધીનગર, તા. ૪

કડી સર્વવિશ્વવિદ્યાલય સંલગ્ન બી.પી.કૉલેજ ઓફ બિઝૂનેસ ઍડમિનીસ્ટ્રેશન દ્વારા વિદ્યાર્થીર્આને ઔધોગીક મુલાકાત માટે ગાંધીનગર ખાતે ની પ્રતિષ્ઠિત મધુર ડેરી માં લઈ જવામાં આવ્યા. વિઝિટ દરમ્યાન વિદ્યાથીઓને ઉત્પાદનનાં વિવિધ તબક્કાઓ બાબતે સમજાવવામાં આવ્યા હતા. મુલાકાત દરમ્યાન ૭૬ વિદ્યાથીઓને ૩૮-૩૮ વિદ્યાથીઓની ૨ ટીમમાં વિભાજીત કરી પ્રોડક્શન અને ઑપરેશન્સ બાબતે માર્ગદર્શન આપવા માં આવ્યુ હતુ.



મધુર ડેરી સહકારી ક્ષેત્રે સફળતાનો ઉતમ નમૂનો છે. જ્યા સમગ્ર ગાંધીનગર જીલ્લાની ૧૧૫ દૂધ સહકારી મંડળીઓ જોડાયેલી છે. રોજ નું લગભગ ૨ લાખ લીટર દૂધ સમગ્ર જીલ્લા નાં દૂધ ઉત્પાદકો થકી અંહી પંહોચે છે. કુલ ૨૨ રૂટ થી આ દૂધ મેળવવા માં આવે છે. સાથે સાથે ખેડૂતો ને પશુ ચિકિત્સા માટે ની સવલત તેમજ પશુ વીમા બાબતે ડેરી, સંઘ તેમજ પશુપાલક ૩૩% સમાન રીતે ભોગવશે જેથી પશુપલક મજબૂત બની શકે સાથે સાથે પશુ દાણ પણ ડેરી દ્વારા પશુ પાલકો ને રાહત દરે મળે તેની વ્યવસ્થા છે. તેમજ સમગ્ર વર્ષ દરમ્યાન નો ખર્ચ બાદ નો નફો દૂધ ઉત્પાદકો સુધી પંહોચાડવા માં આવે છે. જે ખૂબ આવકાર દાયક બાબત કહી શકાય. ગુણવતા જાળવવા ડેરી દ્વારા લેવા માં આવતા પગલા બાબતે વિદ્યાથીઓ ને માહિતી આપવા માં આવી હતી સાથે સાથે સ્વચ્છતા બાબતે લેવાતા પગલાઓ ની માહિતી આપવા માં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કોલ્ડ સ્ટોરેજ ની મુલાકાત લેવા માં આવી હતી.

વિદ્યાથીઓ ને "પ્લાન્ટ લે આઉટ" તેમજ ઉત્પાદન નાં વિવિધ તબક્કાઓ માં સંચાલન કેવી રીતે કરવુ તેમજ "પ્લાન્ટ લે આઉટ" ની ગોઠવણી કેવી રિતે કરવી તેની ઉંડાણ પુર્વક માહિતી આપી હતી. જેથી પ્લાન્ટ અને પ્રોડક્શન પ્રક્રિયાથી વાકેફ થાય આમ વિદ્યાથીઓએ કૉલેજમાં અભ્યાસ કરતા વિવિધ વિષયો અને વર્ગખંડ માં પ્રાપ્ત કરેલ જ્ઞાનનો તુલનાત્મક રીતે પ્રેક્ટિકલ અમલીકરણનો અભિગમ કેળવવો તેમજ કૉર્પોરેટ લીડર તરીકે પ્રસ્થાપિત થાય તેવા લર્નિંગ વૅલ્યૂ શીખ્યા હતા તેમજ સંપૂર્ણ વિઝિટ નો રિપોર્ટ બનાવી કૉલેજ ને સુપ્રત કર્યો હતો.

આ વિઝિટ ને સફળ બનાવવા મધુર ડેરી નો મૅનેજિંગ ડાઈરેક્ટર મહેતા સાહેબ નો ખુબજ સહકાર મળ્યો હતો. ડેરી ના પ્રોડક્શન ડિપાર્ટમેંટ ના હેડ કુંપાવત સાહેબ તેમજ બી. બી. એ. કૉલેજ નાં ભૂતપુર્વ વિધ્યાથી અને મધુર ડેરી નાં વર્તમાન સીનિયર માર્કેટીંગ ઑફીસર પરેશભાઈ પટેલ એ વિદ્યાથીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઑથી વાકેફ કર્યા જેમા ડેરી નાં ૩ ઉચ્ચ અધિકારીઓએ વિદ્યાર્થીઓને ઉત્પાદન, સંચાલન અને વહીવટનાં વિવિધ પાસાઑથી વાકેફ કર્યા હતા.

સમગ્ર વિઝિટ નુ આયોજન સંસ્થા નાં આચાર્ય ડૉ. રમાકાન્ત પ્રસ્ટીનાં માર્ગદર્શન હેઠળ ઈંચાર્જ ડૉ. જયેશતન્ના તેમજ પ્રો નિવેદીતા રાવલ અને ધર્મેન્દ્ર રાઠોડ દ્વારા સફળતાપુર્વક પૂર્ણ કરવા માં આવ્યુ હતુ.

# સફાઈકર્મીઓની સમસ્યાઓ અંગે ચર્ચાસત્ર યોજાયું

## ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા બાંગ્લાદેશમાં યોજાનારા સેકોસેન સંદર્ભે ચર્ચાસત્રનું આયોજન કરાયું : ભારતમાં માત્ર નવી દિલ્હી અને ગાંધીનગર એમ બે શહરોમાં જ ચર્ચાસત્રનું આયોજન



ગાંધીનગર, તા. ૪

ગાંધીનગરના ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ફેન્સા તથા પ્રવાહના સંયુક્ત ઉપક્રમે નગરના સફાઈ કર્મચારીઓ તથા કચરો વીણનાર શ્રમજીવીઓની સમસ્યાઓ અંગે તેમજ તેમના પ્રશ્નોના નિરાકરણ માટે એક દિવસીય ચર્ચા સત્રનું આયોજન કર્યું હતું. સે. ૧૬માં યુથ હોસ્ટેલ ખાતે યોજાયેલા આ સત્રમાં નવી દિલ્હીથી વૉટર સપ્લાય એન્ડ સેનિટેશન કોલોબેરેટિવ કાઉન્સિલના પ્રતિનિધિ કામિની પ્રકાશ તથા ગાંધીનગર મહાનગર પાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર દિનેશ બારડ ઉપસ્થિત રહી શ્રમિકોને હકારાત્મક પ્રતિભાવ આપતા તેમના સલામતી તથા આરોગ્ય વિષયક પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવા હૈયાધારણ આપી હતી.

સમગ્ર ચર્ચા સત્રમાં સફાઈ કર્મચારીઓ તથા શ્રમિકોના વેતનને લગતા પ્રશ્નો, આરોગ્યને લગતા પ્રશ્નો, સલામતીને લગતા પ્રશ્નો વગેરેની વિસ્તૃત છણાવટ કરાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટના ડૉ. મયુર જોષીએ કાર્યક્રમની રૂપરેખા આપવા સાથે ઉપસ્થિત રહ્યાં હતા. ચર્ચા સત્રના સમાપન પ્રસંગે મનપાના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલે પણ દક્ષિણ એશિયાના જુદા જુદા દેશોમાં યોજાતા સેકોસેન અંગે માહિતી આપી હતી. ચર્ચા સત્રમાં સફાઈ કર્મચારીઓના આરોગ્ય અને સલામતીના પ્રશ્નો અંગે ગહન ચર્ચા થવા પામી હતી. આ ઉપરાંત સફાઈ શ્રમિકોની જીવનશૈલી શારિરિક, આર્થિક અને માનસિક પરિસ્થિતિ અંગે વૈજ્ઞાનિક અભિગમ અપનાવવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો હતો. સત્રમાં મોટી સંખ્યામાં સફાઈ કર્મીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે સેકોસેન અંતર્ગત આખા ભારતમાં નવી દિલ્હી અને ગાંધીનગર એમ બે જ શહેરોમાં સફાઈ કર્મચારીઓના પ્રશ્ને ચર્ચા સત્ર યોજાયા હતા. ચર્ચા સત્રના સમાપન પ્રસંગે ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના ડેપ્યુટી મેયર કાર્તિકભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ચર્ચા સત્રમાં રજુ કરાયેલ સમસ્યાઓ પ્રશ્નો અંગે ખુબ જ હકારાત્મક પ્રતિભાવ આપતા સલામતી અને આરોગ્ય વિષયક જરૂરિયાતોનું સત્વરે નિરાકરણ લાવવા હૈયાધારણ આપી હતી.

ઉદ્‌ગમ ચેરિટેબલ ટ્રસ્ટના ડૉ. મયુર જોષી આ ચર્ચા સત્રમાં રજુ કરાયેલ સમસ્યાઓ અને સૂચનો વગેરેને સેકોસેનમાં વાચા આપવા શુક્રવારે નવી દિલ્હી ખાતે જવા રવાના થશે. આજના ચર્ચા સત્રના આયોજન માટે નેહરુ યુવા કેન્દ્ર તથા યુથ હોસ્ટેલ તરફથી ઉષ્માપૂર્ણ સહકાર સાંપડ્યો હતો.